**એન.ડી.પી.એસ.ના કેસોમાં પંચ તરીકે રાજ્યના સરકારી કર્મચારીઓની મદદ લેવા બાબત.**

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : વસફ/૧૦૨૦૧૮/૬૮૦૩/ડ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ:** 15 JUL 2020

**વંચાણે લીધો :-** પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી.(ક્રાઈમ અને રેલ્વેઝ)ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૬/૧૦/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: એનડીપીએસ/૫૨૨/૨૦૧૮

**ઠરાવ :-**

રાજ્યમાં કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા રાજ્ય પોલીસ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવે છે. કેફી પદાર્થોની હેરાફેરી/વેચાણના કિસ્સા પકડાય ત્યારે કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે સ્થળ પર તાત્કાલીક હાજર મળી આવનાર નાગરીકોનો પંચ તરીકે સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે. કાયદાકીય અને કેસ ચાલવાની પ્રક્રિયા દરમ્યાન આવા પંચ ઘણીવાર તેમની જુબાનીમાંથી ફરી જવાના કારણે આરોપી નિર્દોષ છૂટી જાય છે. આ કાયદાની આ છટકબારીનો લાભ લઈ તેઓ પુન: ગુનાખોરી આચરતા અચકાતા નથી.

કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા અને યુવાધનને નશાખોરીના અસામાજિક દુષણથી બચાવવા રાજ્ય પોલીસ જયારે નાર્કોટીક્સના કોઇ કેસ કરે ત્યારે, તેવા અતિગંભીર કેસોમાં સચોટ અને નિર્ભય જુબાની આપી શકે અને તે આધારે કેસના ટ્રાયલ દરમ્યાન આરોપીને વધુમાં વધુ અને સખત સજા થાય તે હેતુસર ગુનાના સ્થળે સરકારી કર્મચારી પંચ તરીકે મદદમાં મળી રહે તે માટે વંચાણમાં લીધેલ પત્રથી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ લેવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાના અંતે, રાજ્ય પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવતા નાર્કોટીક્સ અંગેના ગુના નોંધવા અંતર્ગત પંચનામાંની કાર્યવાહી દરમ્યાન નીચે જણાવેલ શરતોને આધીન પંચ તરીકે સરકારી કર્મચારીએ કામગીરી કરવાનું આથી, ઠરાવવામાં આવે છે.

(૧) નાર્કોટીક્સના કેસો માટે ગુજરાતના તમામ શહેર/જિલ્લાઓની સરકારી કચેરીઓમાંથી તમામ કર્મચારીઓને પંચ તરીકે લઈ શકાશે.

(૨) આવા કેસોમાં જ્યારે સરકારી પંચ તરીકે કામગીરી કરે ત્યારે તે સમય પુરતી તેની કામગીરીને ફરજ તરીકે ગણવી અને રજાનો અહેવાલ મુકવા ફરજ પાડવી નહી.

(૩) પોલીસ ખાતા દ્વારા નાર્કોટીક્સના કેસો માટે જ્યારે પંચની મદદ માંગવામાં આવે ત્યારે સર્વે ખાતાના/કચેરીઓના વડાઓએ તેમના તાબા હેઠળના કર્મચારીને પંચ તરીકે કામગીરી માટે અચુક ફાળવી આપવા.

(૪) નાર્કોટીક્સના કેસમાં પોલીસ ખાતાની કચેરીઓના કોઈ કર્મચારી/અધિકારીની પંચ તરીકે પસંદગી કરવી નહી.

(૫) પંચ તરીકે જેની પસંદગી કરવામાં આવે તેઓ તમામ સંજોગોમાં તટસ્થ હોવા જોઈએ. તેઓ કોઈની અસર હેઠળ હતા અથવા પોલીસની દાબ હેઠળ હતા એવુ ક્યારેય ન લાગવુ જોઈએ.

(૬) આવા કેસોમાં પંચ તરીકે વર્ગ-૩ ના કર્મચારીઓની પસંદગી કરવાની રહેશે. વર્ગ-૩ ના કર્મચારીઓ પૈકી ફિક્સ પગારથી કરાર આધારિત કાર્યરત રહેલા કર્મચારીઓને પંચ તરીકે રાખી શકાશે નહી.

(૭) પંચોની પસંદગી સમયે સરકારી કર્મચારી ખાસ કરીને સીનિયર કલાર્ક કે તેનાથી ઉપલા દરજ્જાના કર્મચારી/અધિકારી હોય તેઓને જ પંચોમાં લેવા કે જેથી આવા મહત્વના કેસોમાં ન્યાયધીશો ઉપર પણ તેમના કોર્ટ રૂબરૂના નિવેદનની સારી અને સચોટ અસર પડી શકે.

(૮) તટસ્થ પંચો મળી રહે તે માટે ફક્ત જિલ્લાના મુખ્ય મથકમાંથી જ પસંદગી નહીં કરતા તાલુકાનું વડુ મથક હોય અને/અથવા ૧૫ હજારથી વધુ વસ્તીવાળો ગ્રામ્ય/શહેરી વિસ્તાર હોય તેવા સ્થળેથી પંચના સાક્ષીઓ લેવા પણ તજવીજ કરવાની રહે છે.

ઉપરોકત કાર્યરીતિ અને સૂચનાઓનો સુચારૂ અમલ થાય તે માટે તેમના વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓને સૂચના આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી, જણાવવામાં આવે છે.

આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની મળેલ મંજુરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ વાળા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ :-**

- માનનીય રાજ્યપાલના અગ્ર સચિવશ્રી (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય કેબિનેટ અને રાજયકક્ષા મંત્રીશ્રી- તમામના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર.
- માનનીય સંસદીય સચિવશ્રી-તમામના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી (ક્રાઈમ અને રેલવેઝ), ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, સેકટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- તમામ ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશનરશ્રી.
- તમામ જિલ્લા કલેકટરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
- શાખા સીલેક્ટ ફાઈલ/ના.સે.અ. સીલેક્ટ ફાઈલ.